# ભગવાન શ્રીકૃષ્ણની કૃપા મેળવવાનો પવિત્ર અધિક માસ



ભારતીય સંસ્કૃતિ અને સનાતન ધર્મમાં દરેક માસનું પોતાનું વિશેષ મહત્ત્વ રહેલું છે પરંતુ 'અધિક પુરુષોત્તમ માસ'ને અત્યંત પવિત્ર અને કલ્યાણકારી માનવામાં આવે છે. આ માસને 'મળ માસ' તરીકે ઓળખવામાં આવતો હતો પરંતુ ભગવાન શ્રીકૃષ્ણે તેને પોતાના નામ સાથે જોડીને 'પુરુષોત્તમ માસ' તરીકે મહિમાવાન બનાવ્યો. આ માસ દર ત્રણ વર્ષે એક વખત આવે છે અને ભક્તોને ભક્તિ, દાન, જપ, તપ અને સારાં કાર્યો દ્વારા આત્મકલ્યાણ કરવાની અનોખી તક આપે છે.

હિંદુ પંચાંગ મુજબ ચંદ્ર માસ અને સૂર્ય વર્ષ વચ્ચેનો તફાવત સમતોલ કરવા માટે અધિક માસ ઉમેરવામાં આવે છે. સામાન્ય રીતે એક વર્ષમાં બાર માસ હોય છે પરંતુ ચંદ્ર ગણતરી અને સૂર્ય ગણતરીમાં થતો તફાવત દૂર કરવા માટે આ વધારાનો માસ ઉમેરાય છે. આ વધારાનો માસ જ 'અધિક માસ' કહેવાય છે. શરૂઆતમાં આ માસને કોઈ દેવતાએ સ્વીકાર્યો નહોતો, તેથી તેને અવગણાયેલ અને નિરાધાર માનવામાં આવતો. ત્યાર બાદ આ માસ ભગવાન શ્રીકૃષ્ણ પાસે ગયો અને પોતાની વ્યથા વ્યક્ત કરી. ત્યારે ભગવાને તેને પોતાના 'પુરુષોત્તમ' નામથી નવાજ્યો અને કહ્યું કે જે ભક્ત આ માસમાં ભક્તિ અને સદગુણોનું પાલન કરશે તેને વિશેષ પુણ્ય પ્રાપ્ત થશે. ત્યારથી આ માસ 'અધિક પુરુષોત્તમ માસ' તરીકે પ્રસિદ્ધ થયો.

આ માસ દરમિયાન ભગવાન શ્રીકૃષ્ણ, શ્રીવિષ્ણુ અને રાધાજીની વિશેષ આરાધના કરવામાં આવે છે. ભક્તો ઉપવાસ, જપ, પાઠ, ભજન-કીર્તન, ગીતાપાઠ, ભાગવત કથા અને દાન જેવાં પવિત્ર કાર્યો કરે છે. માન્યતા છે કે આ માસમાં કરેલું પુણ્ય અનેક ગણું ફળ આપે છે. ગરીબોને અન્નદાન, ગાયોને ચારો, જરૂરિયાતમંદોને વસ્ત્રદાન અને ધાર્મિક કાર્યો કરવાથી જીવનમાં સુખ-શાંતિ અને સમૃદ્ધિ આવે છે.

અધિક પુરુષોત્તમ માસ માત્ર ધાર્મિક વિધિઓનો સમય નથી પરંતુ આત્મચિંતન અને આત્મસુધારાનો અવસર પણ છે. આજના વ્યસ્ત જીવનમાં માણસ ભૌતિક સુખ પાછળ દોડતો રહે છે અને માનસિક શાંતિ ગુમાવી દે છે. આ માસ આપણને થોડો સમય પરમાત્માની ભક્તિમાં વિતાવીને પોતાના જીવનનું મૂલ્યાંકન કરવાની પ્રેરણા આપે છે. સારા વિચારો, સારા સંસ્કારો અને સદાચાર દ્વારા જીવનને ઉત્તમ બનાવવા માટે આ માસ ખૂબ જ ઉપયોગી માનવામાં આવે છે.

**ધર્મરંગ**
**વ્યોમા સેલર**

પુરાણોમાં જણાવાયું છે કે જે વ્યક્તિ અધિક માસમાં નિયમિત પ્રાર્થના કરે છે, ભગવાનનું નામ સ્મરે છે અને દુષ્કર્મોથી દૂર રહે છે, તેના જીવનનાં અનેક દુઃખો દૂર થાય છે. આ માસમાં ક્રોધ, અહંકાર, લોભ અને દ્વેષ જેવી નકારાત્મક ભાવનાઓનો ત્યાગ કરીને પ્રેમ, કરુણા અને સેવાભાવ અપનાવવો જોઈએ. ભગવાન શ્રીકૃષ્ણ કહે છે કે ભક્તિથી કરેલું નાનું કાર્ય પણ અધિક માસમાં અતિ વિશેષ ફળ આપે છે.

આ માસ દરમિયાન ઘણા લોકો ધાર્મિક યાત્રા, મંદિરમાં સેવા અને સાત્ત્વિક જીવનશૈલી અપનાવે છે. ખાસ કરીને 'શ્રીમદ્ ભગવદ્ ગીતા' અને 'શ્રીમદ્ ભાગવત'ના પાઠનું વિશેષ મહત્ત્વ માનવામાં આવે છે. ભક્તો પ્રભુના નામનો જપ કરીને મનને શાંતિ અને આત્માને પવિત્ર બનાવવાનો પ્રયાસ કરે છે.

અંતમાં કહી શકાય કે અધિક પુરુષોત્તમ માસ ભક્તિ, સેવા, સદાચાર અને આત્મકલ્યાણનો પવિત્ર સમય છે. આ માસ આપણને જીવનમાં સારાં કાર્યો કરવાની પ્રેરણા આપે છે અને ભગવાન પ્રત્યેની શ્રદ્ધા વધુ મજબૂત બનાવે છે. જો મનુષ્ય આ માસમાં નિષ્ઠાપૂર્વક પ્રભુની આરાધના કરે તો તેના જીવનમાં સુખ, શાંતિ અને આધ્યાત્મિક ઉન્નતિનો પ્રકાશ પ્રસરે છે.

અધિક પુરુષોત્તમ માસમાં માત્ર વ્યક્તિગત ભક્તિ જ નહીં પરંતુ પરિવાર અને સમાજમાં પણ સકારાત્મકતા ફેલાવવાનો સંદેશ આપવામાં આવ્યો છે. આ સમયમાં પરિવાર સાથે મળીને ભજન-કીર્તન, સત્સંગ અને ધાર્મિક ચર્ચા કરવામાં આવે તો ઘરમાં આધ્યાત્મિક વાતાવરણ સર્જાય છે. બાળકોમાં સારા

> **ભગવાન શ્રીકૃષ્ણનો આ પ્રિય માસ આપણને શીખવે છે કે જીવનમાં ભક્તિ અને સદાચારથી જ સાચું સુખ પ્રાપ્ત થાય છે**

સંસ્કારોનું સિંચન થાય છે અને વડીલોને માન-સન્માન આપવાની ભાવના મજબૂત બને છે. આજના આધુનિક યુગમાં જ્યાં માનવી તણાવ, સ્પર્ધા અને સ્વાર્થમાં ફસાઈ ગયો છે, ત્યાં અધિક માસ માનસિક શાંતિ અને આધ્યાત્મિક ઊર્જાનો અનોખો સ્રોત બની રહે છે.

આ માસ દરમિયાન ઘણાં મંદિરોમાં વિશેષ પૂજા, યજ્ઞ, ભાગવત સપ્તાહ અને ધર્મસભાઓનું આયોજન કરવામાં આવે છે. ભક્તો મોટી સંખ્યામાં જોડાઈને ભગવાનના નામસ્મરણમાં લીન બને છે. માન્યતા છે કે અધિક પુરુષોત્તમ માસમાં કરાયેલ એક સારો સંકલ્પ જીવનને નવી દિશા આપી શકે છે. તેથી લોકો નશા, ખોટી આદતો અને દુર્વ્યવહારનો ત્યાગ કરીને સત્ય અને સદાચારના માર્ગે ચાલવાનો સંકલ્પ લે છે.

ભગવાન શ્રીકૃષ્ણનો આ પ્રિય માસ આપણને શીખવે છે કે જીવનમાં ભક્તિ અને સદાચારથી જ સાચું સુખ પ્રાપ્ત થાય છે. આથી દરેક વ્યક્તિએ અધિક પુરુષોત્તમ માસને શ્રદ્ધા, ભક્તિ અને સારાં કાર્યો સાથે ઉજવવો જોઈએ.

# પવન દેવ, હનુમાન અને બાઉલ



જતીનદાસ બાઉલના આશ્રમે નારાદાહિ ગામના સીમાડે હુબલી નદીના કાંઠે બેઠા હતા ત્યારે અમારા મિલન શેઠના કાન પર લાગેલા હનુમાન મરીનો કાળો ટીકો જોઈ જાણે જતીનદાસે હનુમાન કથા ખોલી હતી!

હનુમાનજી મહારાજની એક વાત તેણે પૂર્ણ કરી હતી, પરંતુ બજરંગ ભક્ત મિલનની ભૂખ જોઈ બાઉલ બોલ્યા, ''મિલન, અન્ય ફૂલ ન ચડે અને ફક્ત આકડાનું જ ફૂલ ચડે તેવો આકડાનો હનુમાન પર પ્રેમ વળી આકડાનું ફૂલ અન્ય દેવના શરણમાં મસ્તકમાં, ગળામાં કે કંઠમાં પણ ન જાય હનુમાન સિવાય કોઈ નહીં તેવી એકાંગી ભક્તિનું સાચું આ ફૂલને આ આંકડાને હનુમાનજી વાળી ન દે તો તેને સાક્ષાત હાજર દેવતા કેમ ગણવા બાઉલની વાત અને રજૂઆતથી ઉત્સુક થઈ ગયેલો મિલન ઊંચો નીચો થવા લાગ્યો તે બોલ્યો, બાઉલ તારી વાત કરી છે મારા બજરંગબલી તો જાગૃત દેવતા છે તે દરેક અનન્ય ભક્તને તેની ભક્તિનો અને એકનિષ્ઠ સેવાનો પૂરેપૂરો બદલો આપે છે.

**બાઉલ કથા**



**લેફ્ટેનન્ટ સતીશ વ્યાસ**

બાઉલ બોલ્યા, મનુષ્યને સૌથી વહાલું તેનું જીવન, પરંતુ સાધક-ભાવક ભક્તને વહાલો મોક્ષ. આ જન્મ-મરણના ચક્કર, ફરી મળવું, ફરી માતાની કૂખમાં દીર્ઘ તમસમાં વસવાટ કરવો! આ યંત્રણામાંથી છૂટવાની સૌ સાધકની મથામણ હોય છે.

થોડીવાર રોકાઈ અને પછી બાઉલ બોલ્યો, '.... પણ આ આંકડાનું ઝાડ જોઈ લો! તે ઈશ્વર પાસે પણ કશું નથી માગતું છતાં, ઈશ્વરે એમને બધું આપ્યું છે! તે પણ બબ્બે પેઢીએ ભેગા મળીને! પવનસુત હનુમાનજી અને વાયુદેવ ખુદ! મિલન વચ્ચે જ બોલી ઊઠ્યો,'શું?' બાઉલે કહ્યું, 'તેને પવનસુત અને પવન બંને એ સાગમટુ મળીને આ યંત્રણાઓ વિના જ જન્મ ધરવાનું, કુંવારું વરદાન આપ્યું છે!' અમે આ વાત યંત્રવત્ સાંભળી રહ્યા હતા.

પછી તેણે વાતને અમારા માટે સરળ કરી અને કહી. બાઉલ બોલ્યા, 'બીજા છોડ-ઝાડને બીજ આવે તે ફળમાં આવેલાં હોય અને તેથી તેને પ્રાણીના કે પંખીના જઠરમાં જઈ, અગ્નિદાહ લઈ, યંત્રણામાંથી પસાર થઈ, ગુદા માર્ગથી નીકળી, ઉગવું પડે! આવું દુઃખનું પૂરું ચક્ર કરીને પછી નવું જીવન પ્રાપ્ત થાય. જો તે આ રસ્તે ન જાય તો બીજે રસ્તે તે ફળને લોકોના હાથે મરડાઈ, વઢાઈ, વાવલાઈ, છુટે હાથે ફેંકાઈ, આવી બધી અવહેલના ભોગવી ભોગવીને પછી નવું જીવન પ્રાપ્ત થાય!' પછી બોલ્યો, 'જ્યારે આપણા હાજરદેવ બજરંગના ગળામાં પોતાના અંદર રહેલા સ્ત્રીકેસરોને દૂર રાખવાનો સૂક્ષ્મ વિવેક જાળવી, ખાલી પુંકેસર ભેગા કરી કરી, માળા બની જનાર આંકડાને, હનુમાનજી મહારાજ કુંવારું જ નવજીવન આપે છે!'

અમે, 'કઈ રીતે?' તેમ પૂછવા જતા હતા. તે પહેલા તો બાઉલ બોલ્યો, 'હનુમાનજી મહારાજને માળામાં અર્પણ થયેલ ફૂલ સિવાયના કેટલાક પાછળ વધેલા ફૂલ પર ફળ આવે, તમને ખબર છે, તે ફળને આકડાની કેરી કહેવાય? દેખાવમાં બરાબર આંબાના ઝાડની કેરી જેવી જ હોય! આ કેરી જ્યારે પાકે ત્યારે, તેની અંદર રેસાદાર રેશમી રૂ જેવા સૂત્રાંગો હોય અને તે દરેક સૂત્રાંગના ગુચ્છની નીચે એક નાનું ચપટું ફળ લાગેલું હોય! તે આગળ બોલ્યો પાકી જાય એટલે

> **મનુષ્યને સૌથી વહાલું તેનું જીવન, પરંતુ સાધક-ભાવક ભક્તને વહાલો મોક્ષ, આ જન્મ-મરણના ચક્કર. ફરી મળવું, ફરી માતાની કૂખમાં દીર્ઘ તમસમાં વસવાટ કરવો!**

કેરી આપમેળે ફાટે એટલે આ સૂત્રાંગના ગુચ્છ બહાર ડોકાવા માંડે! આપણે તે સૂત્રાંગોને 'વધામણી' કહીએ છીએ.' બાઉલ આગળ બોલ્યા, 'પછી હનુમાનજી મહારાજ તેમના પિતાજી પવનદેવને વિનંતી કરે કે દાદા ઝૂલવા માટે આ બાલુડા તૈયાર છે!'

પછી ધીમેથી બોલ્યો, 'પવનદાદા તે બાળક જેવા રેશાદાર ઝુમખાને બીજ સોતા ખભે ઉઠાવી ઉઠાવી, એવા સ્થાન પર ઉતારે કે જ્યાં ફરીથી તે બીજ, બીજો આંકડો બની અને હનુમાનજીની સેવા કરવા ઊગી જાય.'

પછી બોલ્યો, 'હનુમાનજીના સેવકને થોડું કંઈ ગર્ભ, મળ, મૂત્ર, વગેરે માર્ગ લઈને પુનર્જન્મ લેવો પડે! તેના માટે તો આવો કુંવારો જન્મ હોય!

અમે હનુમાનજી મહારાજનું આ નવું રૂપ અને તે પણ અપુન્થીયા બાઉલના મુખેથી સાંભળી અવાક થઈ તેની સામું જોઈ રહ્યા.